|| ॐ શ્રી સાઈરામ ||

|| ॐ  શ્રી સાઈ ભક્તિજ્ઞાન પ્રદાય નમ: || (૭૪).

## ભક્તિ અને જ્ઞાન આપવાવાળા શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

ભૌતિક એટલે જડ સાથે જોડાયેલી. જો કોઇ વ્યક્તિ ધ્યાન અને મૂર્તિમાં મગ્ન હશે, તો બધા અનુભવ શરીર, મન અને બુદ્ધિમાંથી ઉદ્ભવશે, જે નાશવંત હોય છે. એક દિવસ દેહ નાશ પામશે અને અનુભવ પણ નાશ પામશે. તે છતાં પ્રથમ આવી ભક્તિ આવશ્યક છે. આ ભક્તિ માર્ગ પર પ્રવાસ કરતી વખતે ધીરે ધીરે એકાંત ભક્તિના બીજા માર્ગ સુધી પહોંચવું જોઈએ. એનો અર્થ એક જ મૂર્તિને અથવા રૂપને સમર્પિત થવું અને એકાંતમાં તે એક ખાસ રૂપનું માનસિક દષ્ટાંત અનુભવવું.

એકાંત ભક્તિ એ સૂક્ષ્માવસ્થા હોવાથી જે મન ઉપર પરિણામકારક રીતે નિયંત્રણ લાદવાથી તેમજ પોતાને અંતરાત્મા તરીકે અનુભવવાથી પ્રાપ્ત થાય છે. એકાંત ભક્તિમાં મન ઓગળીને સ્તબ્ધ અવસ્થાએ પહોંચે છે. ઈશ્વર સર્વત્ર છે, એવી ભાવના નિર્માણ થાય છે.

સ્વામી કહે છે-“ભક્તિ એ પૂર્ણ સમય અંગીકારવાની અવ્યાહત,અબાધિત સાધના છે.”

પહેલા ગુરુપૂર્ણિમા, વૈકુંઠ અગિયારસને દિવસે સ્વામી ભક્તોને અમૃત પ્રદાન કરતા. બધા ભક્તો શિસ્તબદ્ધ રીતે લાઈનમાં બેસતા અને સ્વામી તે લાઈનમાં ફરીને પોતાના કર કમળમાંથી ઉદ્ભવેલું અમૃત બધાને આપીને ધન્ય કરતા. ભક્તોને અમૃત આપ્યા પછી સેવાદલના કાર્યકર્તાઓને અમૃત આપવામાં આવતું. એક વર્ષે આવી રીતે બધાને અમૃત આપ્યા પછી સ્વામી, પ્રશાંતિનિલયમના પહેલા માળે તેમના નિવાસસ્થાને જવા નીકળ્યા. તે જ વખતે શારદાઅમ્મા નામની એક મહિલા ભક્ત સ્વામીની પાસે આવી. (આ મહિલાને શિરડી અને પર્તિ બંને અવતારોનો સહવાસ મળ્યો હતો. "સ્વામી, મને અમૃત મળ્યું નથી. હું અહીંયા બેસું?" પરવાનગી આપ્યા પછી તેમની સામે નીચે બેસી. સ્વામીએ તેમના હાથમાં તાંબાના કળશમાં ની ચમચી વડે અમૃતનો એક ટીપુ તેના મુખમાં નાખ્યું, પરંતુ તે બોલી- "સ્વામી, એક પણ ટીપું મુખમાં પડ્યું નથી." ત્યારે સ્વામી બોલ્યા- ' બીજી સંધિ' અને તેમણે તે ચમચી કળશમાં ત્રણ વાર ફેરવી અને તે કળશ અમૃતથી પૂર્ણ ભરાઈ ગયો. ત્યાર પછી સ્વામીએ તેના મુખમાં અમૃત નાખ્યું અને પછી બધા વિદ્યાર્થીઓને પ્રદાન કર્યું.

આ જ શારદાઅમ્માએ એકવાર સ્વામીને પૂછયું-“સ્વામી, એવું કહેવાય છે કે, અમૃત પ્રાશન કરવાથી અમરત્વ પ્રાપ્ત થાય છે. પરંતુ મેં એવી અનેક વ્યક્તિઓ જોઈ છે જેમને આપે અમૃત આપ્યા પછી પણ થોડા વખતમાં તેમનું મૃત્યુ થયું છે. આવું કેમ?' સ્વામી બોલ્યા-“હું અમૃત અમરત્વ પ્રાપ્ત થવા માટે આપતો નથી. પરંતુ જ્ઞાન, આરોગ્ય, ભક્તિ અને સગુણ પ્રાપ્ત થવા માટે આપું છું.”

ભગવાન બાબા આપણને ભક્તિ અને જ્ઞાન પ્રદાન કરતા હોય છે, જે પ્રાપ્ત કરવાની પાત્રતા બધામાં આવે, એ જ તેમના ચરણે પ્રાર્થના.

||ૐ  શ્રી સત્ય સાઈનાથાપર્ણમસ્તુ ||